# સોસ્થનેસ સભાગૃહનો અધ્યક્ષ

## ફાધર વર્ગીસ પોલ

સભાગૃહના અધ્યક્ષ સોસ્થનેસનું નામ ફક્ત બે વાર બાઈબલના નવા કરારમાં આવે છે. આપણે પ્રથમ વાર પ્રેષિતોનાં ચિરતો માં સોસ્થનેસને મળીએ. લોકોએ સભાગૃહના અધ્યક્ષ સોસ્થનેસને પકડીને અદાલતની સામે જ માર માર્યો; પણ એ બધાની ગલ્લિયોએ લગારે પરવા ન કરી (પ્રે.ચ. ૧૮, ૧૭). સોસ્થનેસનું નામ બીજી વાર કરિંથના ધર્મસંઘ પર પાઉલના પહેલા પત્રની શરૂઆતમાં આવે છે. કરિંથવાસીઓને અભિવાદન કરતાં પાઉલ લખે છે. "કરિંથવાસી ઈશ્વરના ધર્મસંઘ પ્રત્યે લિખિતંગ ઈશ્વરની ઈચ્છાથી અને તેની હાકલથી ઈસુ ખ્રિસ્તનો પ્રેષિત થયેલો પાઉલ અને ધર્મબંધુ સોસ્થનેસ (૧ કરિંથ ૧, ૧).

બાઈબલના પંડિતો શંકા ધરાવે છે કે, સોસ્થનેસ અંગેનો આ બે ઉલ્લેખ એક જ વ્યક્તિ માટે છે કે બે ઉલ્લેખમાં બે અલગ વ્યક્તિઓ છે. હું માનું છું કે તેઓ બે અલગ વ્યક્તિઓ નથી પણ એક જ વ્યક્તિ છે. પ્રેષિતોનાં ચરિતો કહે છે તેમ સોસ્થનેસ યહૂદી સભાગૃહના અધ્યક્ષ છે. સભાગૃહના અધ્યક્ષ હોવા છતાં તેઓ યહૂદી લોકો સાથે મળીને પાઉલ સામે કંઈ અસરકારક પગલાં લઈ શક્યાં નથી. એટલે યહૂદીઓએ તેમને પકડીને માર માર્યો.

પાઉલના સંદેશના સંદર્ભમાં પોતાના જ લોકોનો માર સોસ્થનેસને આત્મનિરીક્ષણ કરવા પ્રેર્યા હશે અને પાઉલના સંદેશથી પ્રભાવિત બનીને સોસ્થનેસ એક ખ્રિસ્તી અને પાઉલના શિષ્ય બન્યા હશે. એટલે પાઉલ ધર્મબંધુ સોસ્થનેસ કહે છે અને કરિંથવાસીઓને પોતાની અને સોસ્થનેસની સલામ સાથે પાઠવે છે.

ઈતિહાસમાંથી આપણે જાણીએ છીએ કે કરિંથ ખાતેના યહૂદી સભાગૃહમાં સોસ્થનેસ ઈસવીસન ૫૧ અને ૫૨ માં મુખ્ય અધ્યક્ષ હતા. આ જ સમયમાં પાઉલ પોતાની બીજી મિશનરી મુસાફરીમાં દોઢ વર્ષ કરિંથ રહ્યા હતા.

કદાચ સભાગૃહના અધ્યક્ષ તરીકે રોમન સૂબો ગલ્લિયો આગળ સોસ્થનેસે જ પાઉલ સામે ફરિયાદ કરી હશે. પરંતુ સૂબો ગલ્લિયોએ યહૂદી લોકોની ફરિયાદ સાંભળવાને બદલે તેમને અદાલતમાંથી બહાર કઢાવી મૂક્યા હતા. સૂબો ગલ્લિયોએ યહૂદીઓની ફરિયાદ વિશે કહ્યું હતું કે "આ તો શબ્દો, નામો અને તમારા કાયદાને લાગતો ઝઘડો છે, એટલે તમે જ પતાવો" (પ્રે.ચ. ૧૮,૫૧).

સુબો ગલ્લિયોની વાતથી યહૂદી લોકો સભાગૃહના અધ્યક્ષ સોસ્થનસ પ્રત્યે ખૂબ ગુસ્સે થયો હશે. એક તો સોસ્થનેસ તેમની અસરકારક આગેવાની લઈ શકતા નથી અને બીજું, સૂબો ગલ્લિયોએ એમને અદાલતમાંથી કાઢી નાખ્યા છે. પરિણામે બિચારા સોસ્થનેસને પોતાના યહૂદી લોકોનો માર ખાવો પડયો. (પ્રે.ચ ૧૮, ૧૭).

કરિંથાવાસીઓ પ્રત્યેના પાઉલના પત્રના અભિવાદનમાં સોસ્થનેસના નામનો પણ સામેલ કરીને પાઉલ સોસ્થનેસને પોતાના સહકાર્યકર કે સાથીદાર તરીકે બતાવતો હશે. કદાચ સોસ્થનેસ પાઉલના મદદનીશ સેક્રેટરી કે પાઉલનો પત્ર લખી આપનાર લહિયો પણ હોઈ શકે.

કેથલિક ચર્ચમાં સોસ્થનેસનો તહેવાર દર વર્ષે નવેમ્બરની ૧૮મી તારીખે ઉજવવામાં આવે છે.